पृथुराज राठोड तथा गूरी लालबानां नाटकनां

गायनो.

મોરબી આર્યસુબોધ નાટક મંડળીને માટે.

બનાવનાર

વાઘજી આશારામ ઓઝા.

છપાવિ પ્રસિદ્ધ કરનાર

મુળજી આશારામ ઓઝા.

(આવૃતિ ૨ જી પ્રત ૪૦૦૦)

अमदावादमां

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટીંગ અને
જ૦ એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યાં.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

કીંમત બે આના.

पृथुराज राठोड अने लालबाना

નાટકનાં ગાયનો.

પ્યારી પ્રભુની પ્રાર્થના કીજેરી.

ઘટ ઘટ વ્યાપક છતાં નિરંજન, ગુણ ત્રયમયી હે વિશ્વરાજ. પ્યા.
કર હૃય જોડી કરત આરાધન, સર્વ મળી પ્રભુ આ સમાજ. પ્યા.

પ્યારૂં શિયળ સાચવે પ્રેમદા, તન મન ધન અરપી દુઃખમાંઈ
પ્રીય પતિ સ્મરણ ભૂલે ન બાળ, પ્યારૂં.
એમ ગાંઠ પ્રીતમશું બાંધી, પડત ન ઢીલી નિજ પ્રાણ જવે;
બાળી આગના પીયુ રીઝાવે, સુખ દુખ સાથી થઈ પીયુ વિનવે.
પ્યારૂં.

પ્રીયા રંજન કર્યો, ગાયન તુજ શુણાવી;
મુને સ્મૃતિ એક, પૂર્વ કથા આવી.
ક્ષત્રિ બાળા એક, લાલબા રૂપાળી;
તેને શિયળ સંરક્ષતી, એમ બાળી.
નવરોજની બજાર, દિલ્હી માંહે;
તેને પાડીતી વિપત્તિ, દિલ્હી શાહે.
તેમાં વાવરી સતીએ, નિજ કટારી;
તેનું ભજવીએ, નાટક આજ પ્યારી.

પ્યારીને છોડી દિલ્હી જાવુંછે કઠીન;
યૌવન એનું પૂર્ણ, ખીલ્યુંછે. દિલ્હી.

હવે કહ્યું મારૂં, એ નહિ માને;
જળ વિના રહે, જેમ મિન. પ્યારી.
ભોગી ભ્રમર વિના, સુંદર ખીલેલી;
કરમાશે કળીએ, નવીન. પ્યારીને.
વચન રહ્યાનું કહેતાંજ એને,
રતિ ગતી ભંગ થાય ક્ષીણ. પ્યારીને.

સજ થઇને સાથે આવીશું, હો સ્વામિ મારા; ટેક.
જુદાં હવે તો અમો નહીં રહીશું સંગે સેવા બજાવીશું; હો.
દિલ્હી નિવાસ અમો કરીશું, ધર્મ હમારો ધારીશું; હો.
ફિકર હમારી તમે નવ રાખો, પ્રીતે શિયળ સાચવીશું; હો.

શીદને ન લેશો નાથ, સાથે શીદને ન લેશો;
પ્રીતમ પ્રાણાધાર, સાથે શીદને ન લેશો.
શત્રુ ભૂમિ શું હું નવ જાણું, પૃથુપતિની લાજ પ્રમાણું;
એમ શું શિયળ હણાણું, સાથે.
આહીં સાસરીયામાં એકલું રેવું, તમો વિના સુખદુખ પીયુ સેવું;
હવે ન વેઠશું એવું, સાથે.
છાંયડી આંબાની મીઠીરે ભાળી, બાર વરસેં તે નજરે નીહાળી;
હવે તો હસી આપો તાળી, સાથે.
નણંદ જેઠાણીઓ મેણલાં મારે, એનો પતિ એને ક્યાં ગણકારે;
એમાં શું નફો તમારે, સાથે.
વાતવિલાસની ક્યાંજઈ કરીએ, જોબન જોરને મારીને મરીએ;
છતે પતિ નવ ઠરીએ, સાથે.

બોલોને મુખથી લાલજ ચાલો, વિચાર એહ હવે જણાવોને;
વાલો, મમત મૂકોને ઠાલો, સાથે.

શીરે રીતે કહો લેવાં તમોને સંગ,
એમાં વિચાર ઘણોરે અમારે અંગ;
મરદ ક્ષાત્રિ મુખપર મુછ છે સમશેર બહાદુર શૂર,
કાયર વચનો કદી ન શુણતો,
આવે કલંક તો મચેજ મોટા જંગ; શીરે.
માટે હઠ એ મૂકી દ્યો પ્યારી,
ઘેર રહો મુજ લાલ રાઠોડ રાણાની ટેક વિચારો;
રાખવો આબાદ કૂળનો કીર્તિ રંગ, શીરે.

પીયુ ત્યારે હવે કેમ થાશે, હાય મારૂં મનતો મુંઝાય;
પીયુ તજી મુંને ઝટપટ વિદેશ જાય,
વિદાય દિલડું દુઃખાય; પીયુ.
ભલે પધારો તમો, અમારાં નશીબ અમો;
હાય દુખદ સહેશું ધર પીયુ જોયું વહાલ,
પીયુ વિરહ વિયોગ, રીબાવે, દુભાવે;
નવ આમ પતિજ સોઇએ, મૂકી જાઓ મોરા પ્યારા.
મોરા પ્યારા ઘણાજ વરસથી તન તલસાય;
પીયું ત્યારે હવે કેમ થાશે.

ચાલો ચાલો મુજ તન મન ધન લાલ વહાલ,
ઉપજત પ્રીયા શૂર વિર વચનો શુણી તવ રામા; ચાલો.
પ્રબલ જુગ્તિ તું એવી લાવી, સાથ આવવા હાજ પડાવી;

થાઓ તૈયાર અશ્વ લઈ સંગે, મેં જાણ્યો તુજ તનનો રંગજ વામા ચાલો.

બોલરે વિચારી એમ ચાલે ન ખુમારી,
આહીં થાયરે ખુવારી જો અકડરે જો અકડ;
નવરોજ માંહે કેમ કહે નહીં આવે,
ત્યાં પરાણે તો લાવે કેમ નારે કહે.
એમ પરાણે ન આવે ગમે તેમ તેને તાવે,
એતો માથું ફેરાવે દુખ ભલે સહે;
ન્યાય વાતમાં એ ઝુકે અન્યાયે પરવાજ મૂકે,
કોણ પાસ ઢુંકે (૨) એમ.

હો લીઓ નીરખી, જોધ્ધા કટારી આ. (૨)
આજે કટારી જોઈ લીધો નીહાળી, વાવરૂં કર એ ધારી. હો લી.
જુઓ દમકતી, તેજ ઝમકતી, વિજ ચમકતી, મણી જડેલી,
ભવ્ય ઘડેલી, તિક્ષણુ ઘેલી, દળ સંહારે, શત્રુ મારે, શુર પ્રસારે,
સામી ચાલે, પ્રચંડ ભાળે, વેરજ વાળે, ધરમ રાખવે, તેજ દાખવે,
શિયળ સાચવે, પ્રાણુજ પ્યારી. હો લીઓ.
ધણી સતીની, શુદ્ધમતિની, મૂલક છતીની, વડી કટારી, ચલવી
ભારી, દુશ્મન મારી, વિજય કરીને, ટેક ધરીછે, રંગ ભરીછે,
કિર્તિ પ્યાસી, ગજની ખાસી, દઉ શાબાશી, આ કટારી. હો લી.

વચન વધુ બોલીયાં, બેગમને રે. ટેક.
બાદશાહનાં બેગમ મોટાં સરવથી, તેને ગમે તેમ તમે બોલ બોલ્યાં,
એમાં વિરોધ વધીધણો જાશે, એવું ભાસેછે નક્કી અમને રે. વચન.

માન મોટા મોટા રાજવંશીઓનું, રાખેછેરાત દિવસરહી હાજર.
તેને તમે તરછોડી નાંખ્યાં, પસ્તાવું પડશે નકી તમનેરે. વચન.

મારા કૂળની ટેક મારા વદનમાં,
મારા વદનમાં તેવું શૂર,
મુજ તનમાં, તેમજ હઠીએ નહીં,
પાછાં અમે રણમાં. મારા.
રાણા કૂળની હું છું તનુજા,
તે તો ક્યાંઈ શંકા નવ ખાય એમ મનમાં. મા.
શાહની બેગમ નથી મારે મોટી,
કટારી કસોટી દઉં દેખાડી હું ક્ષણમાં. મા.
બીરૂ ન હોયે ક્ષત્રિની કુમારી,
તો તો દાસી નાવત હું દિલ્લીના ભુવનમાં. મા.
હામ બીડી હું આવીછું હઠથી,
જાહેર સતીનો ધર્મ જણાવું જોબનમાં. મા.

બેન બની એવી રસ્તા મહીં રે,
અપમાન પામી હું આવ્યો અહીં રે. બેન.
રસ્તે રહ્યો તો હું એક સ્થળમાં,
હતો મુકામ રાણાનો જહીંરે, બેન.
જાણી જોઈ મુંને નોતર્યો જમવા,
જાદાજ બેસવા જણાવ્યું તહીંરે. બેન.
તમને દિલ્લીશાહને દીધાં તેથી,
ભ્રષ્ટ આપણુને જાણી લહીરે. બેન.

વગર જમ્યે હું ચાલી નીકળ્યો,
ટેક ત્રોડાવું તારી કહીરે. એન.

ભાઈ દિલગીરી ન થા, વાત એ જુલમ બની,
એમ શું પવિત્ર એક, શિશોદીયા થઈ ગયા,
અભિમાની એ અતિ થયો, મેવાડનો ધણી. ભાઈ.
અપમાન આપણું, એણે આથી કર્યું ઘણું,
જૂદા જમાડવાનું ધાયું, એણે શું ગણી. ભાઈ.
દાગ દિલથી આ, નહીં ભાઈ વિસરે,
વેર વાળવું કોદી, હામથી એને હણી. ભાઈ.
તેવુંજ અપમાન વળી, મારૂં લાલબાએ,
કટાર વાતમાં કીધું, ઘણુંજ એણે અહીં. ભાઈ.
આપણે બચાવ્યું ભાઈ, આજ લગી મેવાડને,
ફળ આપ્યું એનું રાણાએ, તુંને ત્યાં નોતરી. ભાઈ.

લાગીછે પૂરી આકરી લાય, લાય મારા દિલમાં—લાગી.
આહીં આવી મારૂં અપમાન કીધું, તરછોડી નાંખી,
મુંને બોલી ન સીધું, કટારી રાખી મલકાય, કાય. મારા.
મારા ખાવિંદને હુંતો સમજાવું, લાચાર થાય એવો;
વખતજ લાવું, ફંદમાં કેમ એ ફસાય. સાય. મારા.
મારા ભાઇને જુદો જમાડ્યો, સરવ સગામાં ભોઠોરે પાડયો;
વેર એ વાળું કયારે હાય, હાય, મારા દિલમાં.

વાત એથી ચાલીછે પીયુ ન્યારી હમારી;
જોધબાએ જોઈ મુજ કટારી, વાત એથી. ટેક.

એણે કહ્યું લાલ શસ્ત્ર આ નવ સાહે,
હુંછું નિદાન એક નારી. વાત.
મેં કહ્યું ત્યારે નારી આ નોખી,
આ છે કટારી પ્રાણ પ્યારી. વાત.
છોટી આ કટારી ઝુલાવે બાદશાહી,
વગર સમજે નથી ધારી. વાત.
એથી કોપ એને ઘણોજ ચઢ્યોને,
પાછાં ગયાં ઘેર મોઢું ઉતારી. વાત.

એતો નવ ઠીક કીધુંરી,
બેગમ ઉત્તમ પ્રીતમ સુંદર અકબર ઘર. એતો.
વચન બાણ વિખ સમાન, સુણતાં હરે પ્રાણરી,
કરત ઝેર વેર કેર, ખંડન હદ છંડન, મુખ મંડનપર. એતો.
તારૂં શૂર નર પુર શીદ જણાવ્યું તેં તહીં.
સખત તખતે વખત એનો,
ગંજન સુખભંજન હે અંગનવર. એતો.

હીણું કેમ હુંરે ભાખું, બોલો કરીને વિચાર, કહોજી રાઠોડ. હી.
રાણા અટંકી તણી હુંછું કુંવરી, પૃથુ ઘર નારી ન સાખું. હી.

એવું અભિમાન અહીં નવ ચાલે,
પ્રબલ પ્રૌઢ એ બળ વાળે. અહીં.
ભરતખંડનો શાહ અકબર,
જાહોજલાલી જેની ન્યાળે. અહીં.

બહુ ગુમાની બોલ તું બોલી,
આડું આવશે કોઈ કાળે. અહીં.
જોધબાને તેડી શાંતજ કરજે,
કુશળ વાત ભામા ભાળે. અહીં.

પ્રાયા રાઠોડ નરવર શૂર, બોટી શું દિલ ખટક ખટક ખટક;
બોલી કોના સામી તું બોલ, રાખે ન કાંઈ અટક અટક અટક. પીયા.
ઝેરના પ્યાલા કેમ પીવાએ કહોને સ્વામી સટક.
પ્યાલા પીવા જુએ પ્રીયા આહીં, દુશ્મન ઘરમાં ઘટક ઘટક ઘટક. રાખે.
એવોરે હુકમ નાથ કરોતો, તેડાવું મૂકી અટક.
શાહાબાસ જોઉં હું, કેમ રીઝાવછ;
બોલાવું સ્વામિ, સટક સટક સટક.

લાલના દીદાર કેરી, ના ઉમેદ રાખશો.
છે ઘણી કટી કઠોર, લુચ્ચી તેને શિરછે તોર;
જોબનનું જણાવે જોર, નજર ત્યાં ન નાંખશો. લાલ.
રાણા કૂળનું રાખે નૂર, માથે પૃથુ સ્વામિ શૂર,
બંને જોડું કપટી ક્રુર, લાભ એમાં નહીં કશો. લાલ.
એનેછે મોટું ગુમાન, મોં ન દેખાડું નિદાન;
છોડો વાત જીગર પ્રાણ, વાત એ ન ભાખશો. લાલ.

લાચાર થઇછે, જોયું કે બડાઈ ગઇછે, જોયું કે;
તપ્ત તાપ દેખી સપ્ત, લાચાર થઇછે.
આવીને જોયું કે, સમજીએ દિલમાં સારરે. તપ્ત.

મોટા નરવરૂની રાણીઉં, (૨) હાં હાં પાયતો પડે,
તેને વચન કેતાં મુખપર કેમ જીભ ઉપડે;
હેવા મિજબાનીની કેવરાવતી, આજ કરી વિચારરે. તખ્ત.

કરતી બડાઈ લાલ કરતી બડાઈ,
મુને મળી તે દિ કરતી બડાઈ. ટેક.
બાંધી કટારી બહુ મુરછાતી,
આપ પરાક્રમ સ્વમુખે ગાઈ;
કહેતી તારૂં હું તખ્ત ખુજાવું,
અબળા પોતે એક શસ્ત્રને શાહી; કરતી.]
વચન એનાં પાછાં મોમાં જાશે,
વખત એ આવ્યો છે આંહી;
ખાવિંદ મારાને મુખજ જોવું,
એમાં શેખી નહીં નભે જરાઈ; કરતી.

વિદેશનું માંરે બોલો મોરે પ્રીતમ,
તમ વણ પ્રભુ વિકટ વાત કેમ રહી શકું આંહીં;
પલ એક પ્રાણાધાર, વિદેશનું.
શું કારણથી જાઓ વિદેશ હુકમ થયો હે પીયા,
એકદમ ફરમાન થવું જાવા નહિ દઈ;
મોરે પ્યારે હૈયા હાર વિદેશનું.

તમને પ્યારી શું કહું આમાં, હુકમ થયો તે વૃથા ન થાએ;
તમને મૂકી જાવું હમારે, એ દુઃખ અમને નથીજ ઓછું.

કામ બનાવી તુરતજ આવું, માટે ધિરજ ધરજો રામા. તમને.
કમલ વદન આદે ચમકાવી, બીજી તરફથી વર્ષા આવી;
વિરહ પ્રેમ પીડા લઈ જાઉં, વિશેષ નવ રોકાઈશ ભામા. તમને.

દિલ્હી ભેળાં આવ્યાં તોય, પ્યારે મનની મન રહી;
ના કરી વિનોદ વાત, શૃંગારી ન કાઢી રાત.
ત્યાંતો પરદેશમાં, જવાની તૈયારી થઈ; દિલ્હી.
રઈતી જૂદી વર્ષ બાર, જાણ્યું હવે આવ્યો પાર;
ત્યાંતો પાછાં જુજવાં, નશીબે નાખ્યાં લઈ; દિલ્હી.
નાં કર્યાં સાથે ભોજન, રીઝવ્યા ન નાથ મન;
ત્યાંતો વિયોગના દિન, નિરખ્યા મેંતો સહી; દિલ્હી.

હું એટલી શીખ દઉં પ્યારી, તમે રહેજો સમય સંભાળી;
રિપુ ભૂમિમાં રહ્યાં આપણે, વાત લક્ષ એ લેજો;
બજાર નવરોજે જાવાનું, હોય તો હુશિયાર રહેજો. હું.
પવિત્ર પત્ની પૃથુ ધરેછે, જગત વાત એ જોજો;
કલંક તેમાં આવે એવું, કદી ન પગલું દેજો; હું.

જાણોછો નર વર મુજ નીતિ પ્રીયા.
મગદુર કોનો મુજપર તાકે, ધડ શિશ જૂદાં કરી દઉંજ ત્યાં; જા.
પૈયર વિશેછે પિતા રાણાજી, બીજી તરફ પૃથુપતિના ઘરમાં; જા.

નથી મુંને શંકા તમારી પ્રીયા એવીરે,
મરદાની હિમત તમારી હું જાણું, નીતિ નિભાવો તમે તેવીરે.

હો પ્રાણનાથ પ્યારા, સામે કદમે લડજો;

સામે કદમે લડજો, પીઠ પાછી નવ ધરજો; હો.
દુશ્મન નર ધા પણ, જોઈ સૌ વખાણે જ્યારે;
પરાક્રમ એવું પ્યારા, નિડર થઇ બતાવજો; હો.
યુદ્ધ વિશે મનજ હુંમાં, લેશ નવરે રાખશો;
સૈન્યે ખડગ વાવરી, શત્રુને સંહારજો; હો.

નાથીઆ બોલો વિચારી, નહીં ફસે પૃથુની નારી;
શી દુષ્ટમતિ દરશાવો, ખડ ખાવા સિંહ સમજાવો.
શું વાત એ કદી થનારી, નહીં ફસે પૃથુની નારી.
કદી ચક્રવૃતિ નૃપ અરપે, અહીંનું રાજ સમરપે;
તે ત્રણવત હું ગણનારી; નહીં.
રાણક દેવડી શતી નારી, સીધરાજે કરી ખુવારી;
નવ ડગી થઈ દુઃખીઆરી, નહીં.
અરે સુરજમાં અંધારૂં, કોણ અહીં તિશે કરનારૂં;
લે સૂર્ય જવાળ દિલ ધારી. નહીં.
તમને વાત સેલ આ સુજી, તમે અવર દેવીઓ પુજી;
પણ કાળી નથી નિહાળી. નહીં.
તમે મોહ વાતમાં ધાલ્યો, મેં પ્રપંચ સઘળો ભાળ્યો;
એમ નહીં લાલ ડગનારી. નહીં.

લાલ તું સમજી ન અરથ એનો (૨)
નેકીવંત શાહ પિતા સ્વરૂપએ, હરકત ન ગણુ લંગાર;
નેકી તારીને નહીં નડે, મુખ જોવા ઇંતેજાર. અરથ.
ભરતખંડનો ભૂપછે મોટો, સૌ તેના તાબેદાર;
તેનેતારૂંસેજમુખ દેખાડવું,તેમાં શું આવડો વિચાર. અરથ.

નવ મુખ શોભે આવી તુછ વાત, શું નણદી ધારીરે;
દિલમાં તમે ઘાત. નવ મુખ.
સંભારી બોલો હવે રે, વચન તમે જોઘબા;
નહીંતો થાશેરે મોટો ઉતપાત. શું નણદી.

કહીછે મેંતો તારા બેહેતરની, ઘણી ધરી દિલ ઉમેદ તુજને;
ખેદ પછી તુંને થશે જીગરથી, માટે વિચારી કહીદે મુજને. કહી.
માન તજીને હા કહે હમણાં, હઠ લેતાં દુઃખ થશેજ તુજને. કહી.

નહીં જોશે મુખ એ મારૂરે (૨) સત્ય કહેવાયરે ટેક.
પરપુરૂષ કેમરે મળુ એછે, પ્રતિજ્ઞાય;
ઘર ન છોડી જાઉં બીજે, જીવ કદી ભલે જાયરે. નહીં.
શાહ હઠ જેવો જણાવો, તેવો સ્ત્રી હઠ પણ સાચ.
બાળ હઠને જાણજો નણદલ, હીરો ન થાયે કાચરે. નહીં.
જોગી જનને જોગ તજાવે, માતાને પ્યારો પુત;
ભગવતી શું ડરસે. દેખી, જોર કરે જમદૂત. નહીં.
સિંહ મુછનો વાળજ લેવો, મણિ ભોરીંગની સાથ;
સુમનું ધનને સતીનો પાલવ જીવતાં નાવે હાથરે. નહીં.

કરે રજપુતાણી કુટણીનું કામ,
ક્ષત્રી બીજ શું નાશ પામ્યુંરે.
નહીંતો કેમ બીડે આવી હામ. ક્ષત્રી.
જેના મુખથી ન નીતિ વિના વાત. ક્ષત્રી.
તેતો અન્ય શિયળ તોડાવાને જાત. ક્ષત્રી.
ધિક બાઈ તુંને ધીકછે હજાર. ક્ષત્રી.

આવું બોલતાં ન કર્યો કાંઈ વિચાર. ક્ષત્રી.
જે રણ વિશે જઈ કરતી કેર. ક્ષત્રી.
તે આવાં કામે રખડે પરઘેર. ક્ષત્રી.
જેના ઉદરથી પાકે મહા રતન. ક્ષત્રી.
તેનાં હોય નહીં કદી આ વચન. ક્ષત્રી.

મારી પ્યારી દાસીઓ, ચાલો નીરખો નયણે નવરોજ આજ,
ભરાણી છે ગુલજાર નવરોજ આજ, હો પ્યારી સાહેલી પેલી;
છેલી નીરખો, નવરોજ આજ. મારી.
વસ્તું મનહર પ્યારી નવરોજે આજ, હો રંગી બેરંગી;
સુંદર સુગંધી વેચાય નવરોજે આજ. મારી.
બીબીઓનાં વૃંદ આવ્યાં નવરોજે આજ,
હો પહેર્યા ઘરેણાં સુંદર નેણાં નીરખો નવરોજે આજ. મારી.
ખરીદ કરીએ જઈએ નવરોજે આજ, હો કંકણ પ્યારાં;
સારાં રૂપાળાં નીરખો નવરોજે આજ. મારી.

બેનોરે બજારે ચાલોરે જઈએ, નવરોજે જઈએ, ચાલોરે જઈએ.
સરવ મળીને ફરીએ અંદર, ચાલોરે જઈએ;
બનઠન આવી નગર નાર સૌ, અલી સ્વરૂપનું વરણન શું કહું,
નવીન વિવિધ રંગ ચીજું બેન મનહર; ચાલોરે લઈએ. બેનો.
ગલી ગલી નીરખીએ જઈ ઉત્તમ, રમકડાં સુંદર લઈએ,
અનુપમ, કોણ કોણ આપણી અહીં આવી સખીયન;
માનરે દઈએ. બેનો.

અરે દુરમતિ નફટ દિલ્લીશ,

શું સમજીને આવ્યો અહીંરે.
તુંને સજાએ પહોંચાડું અધીશ. શું.
તારે શરણે રહ્યાછે, મુજ સ્વામિ. શું.
તેના ઘરપર તાકીઓ, તું કામી. શું.
માટે દેવો ઘટે તુંને નકી દંડ. શું.
થઈ પિતારૂપ કર્યો તે પાખંડ. શું.
તારી છાતીપર વાવરૂં કટાર. શું.
તુંને પોચાડું હું કબર મોઝાર. શું.
તારી આબરૂ કરીછે તેંતો ધુળ. શું.
ફટચ ફટચ તેં ભ્રમિને ખાધી ભૂલ. શું.

ધિક ફોધીબુદ્ધિ શી આ નઠારી, શાહ તેંતો કાંઈ ન વિચારી;
તારી આબરૂ વિસારી, નીતિરાહ દીધી છોડી,
તુંતો અહીંયાં આવ્યો દોડી, ધીક.
દિલ્લીશાહ ધિક તેં ચલાવી ઘણી નીચ ચાલ, ભાળ ભાળ,
આંખથી નીહાળ, પ્રજાપાળ, તુજ ચાલ,
જુલમ કરાય તુજ તાબેદાર તણી હુંછું નારી. ધીક.

અહો બાઈ આપણું ઘણો રંગ રાખ્યો, રાખ્યો ઘણો રંગ રાખ્યો.
દુષ્ટ રીવાજ નહીં દિલ સાંખ્યો; અહો. ટેક.
કાલરે બજારે થયો કેવો બેટો, એકરે ઝપાટે નાંખ્યો શાહહેઠો.
થયો પલમા એતો આધીન લાચારી, લાચારી વિચારી કટારી;
નમારી, ખરાંચરવિર રીવાજ કાઢી નાંખ્યો, અહો બાઈ આપણું ઘણો

દિલ્લીમાં હવે દાસી, ટકવું નહીં,

નીતિ રીતી દીઠી શાહ કેરી દિલ ધરિ;
દુઃખ કરી સુખ હરી નવ ઠરી રહે ફરી.
તુરત ધરી પોશાક નરનો હવે દાસી,
અહો શું તમાછે શી તમા એહ શાહની;
સતીની કૃતિની પતિની સેવની ટેવની,
શી ખબર છે કહે અલી એને ક્ષત્રિની નવગણુી,
ઉમદારીતિ હજુ પતિ પ્રીય નથી શુણી ખબર
દઇએ જઇ ભણુી કેવું વ્યાપે ઝેર એને જોવે.
પીયુના કોપને; હવે.

હો ખાવિંદ શિકારે, જવા તસ્દી જો લીયો;
તો વિચાર મારો સાથે, આવવા થયો; હો.
દિલ્હીના જંગલની મારે જોવીછે બહાર;
જો હુકમ હોય તો, હું સાથે થાઊં તૈયાર; હો.
આપને શિકાર કરતાં મેં જોયા નથી;
તે જોવા ઉમેદ રહી છે, ઘણા દિનથી; હો.

મોટા મોટાને તમે નમાવ્યા, થઈ લાચાર શરણુ આવ્યા;
નવ સહ્યો તમારો તાપ, ખાવીંદ સરવમાં ફાવ્યા.
ભરતખંડના જે ભૂપ, અકલ શૂરમાં અનૂપ;
સરવ સિંહ કીધા દિન, કરી શિકાર ને હરાવ્યા; મોટા.
એક પંજે પૃથવી ડોલે, કોણુ આજ આપ તોલે;
શી વિશાત તો શિકાર, જાનવરૂં તણુો થાવા; મોટા.

હુકમ આયે શિર ઉઠાયે, શેર મારેંગે સહી;

મેરી હામ લઉં ઇનામ, પાંઉં પીછા દેનાં નહીં; હુકમ.
બોલ વલીખાં ક્યા ફાઝલખાં, બોલ કમાલ ક્યા જમાલ;
ચલ રયાત ખડા હયાત, ચલો અગલ પહોંચે જઇ; હુ.

અરે હો સખી મરદ મુજ જાન, બચાવી તેંજ આ વખતે.
આવી હું અહિં ઘણી દુઃખમાં, પડીતી સિંહ તણા મુખમાં;
તેમાં શમશેર બજાવી તેં, કર્યો એહેશાન બય સખતે; અરે.
સહોદર ભાઇ ગણું મારો, પ્રાણદાતા તું છું પ્યારો;
અપાવું હું તુંને કેવાં ઇનામ, તેડાવી તુંને મુગલ તખતે.

બેન મેં બજાવી ફરજજ આવી (૨)
માનવી દુઃખમાં મદદજ કરવી, ભગવતને દિલભાવી; ફરજ.
જ્યારે તમારા સરદારૂ નાઠા, સરવે નિમકહરામી; ફરજ.
બેહેન એહેશાન માનો તમે મારો, લાયકી બતાવોસામી; ફ.

નર આજે જોયોરે એકજ શૂરવીર, પગ ધરતો, નવએ ડરતો
મર્દજ મનહર જયકર, નર નીરખી મન હું મોયોરે; નર આજે.
સમશેર બહાદુર બહુ બહુ દેખ્યા, કટાર વાવરનાર ન પેખ્યા;
પલમાં ત્રાક્યો પાક્યો, ભય સૌનો ખોયોરે; નર આજે.

કેમ થઇ અજાએબ ઉભા તમે, વિચાર ઠાકોર શો માંડયાછે;
સમજી શકતા નથી અમે. કેમ.
અમને નોતર્યા જમવા માટે, કેમ જતા ભુલી મેમાની;
શી ચીજ બની ખાવાની, લાવી આપો મિજબાની;
શા તર્ક તમારે દિલે રમે; કેમ.

હા થઈ અજાએબ ઉભા અમે, અમે વિચારે એહ ચક્રાછીં.
ક્યાંના ઠાકોર આવ્યા તમે; હા.
નથી ભેદ કાંઈ પડતો આમાં, તમે પુરૂષ છો બહુ ભારી;
મતિ ગુમ થઇછે હમારી, કો અમને સમજ ઉતારી;
ત્યાં લગી અમોને કાંઈ ન ગમે; હા થઈ.

હુંતો સુતોછું કે જાગું, કાંતો સ્વપ્નું મુજને લાગ્યું. ટેક.
અરે બેઠી આ પ્યારી મારી, કેમ કાઢું વચનજ આધું. હુંતો.
ધીરજ હવે તો નથીજ રેતી, તન તેજ બાણુતો વાગ્યું. હુંતો.
મૂર્ખ ગણેતો ભલેજ ગણુતી, પણ હવે આલીંગન માગું. હુંતો.

પ્રીયપતિ ક્ષમારે કરશો, ક્ષમારે કરશો;
દોષ દિલ આપ નહીં ધરશો,રમુજ કરીછે ક્રોધ હરશો. પ્રીય.
પડદો રાખ્યો પીયુ તમપાસે,લાગ મળ્યો મળવા સુંદરશો. પ્રીય.

તુંને શાહાબાસ હું શું દઉં ઇનામ,તારી કેવીહામ, કેવીહામ,કેવીહામ.
ધન્યછે પ્યારીવામ, કેમ તું આવી આમ, શાહાબાસછે શૂરજ તારૂં;
હિમત જોઇ હેરતપામું,પામું પામું,જોઉં તુજ સામું,તુજને જોતાં,
દર્પણજવામું,આવાર,આપાર, પોચી તું હુંશિયાર આ ઠામઠામ. તુંને.

ધીક નેકી એની આવી વાતે દીધો ચમકાવી. ધીક.
મુંને દિલ્હી બાર મોકલાવી, પ્રપંચ પોતે ઉઠાવી;
જુગતિ જુઠી ચલાવી, તુંને તેણે આમ તાવી. નેકી.
હા આફ્રત તારા પરે, નાંખીછે શું નાંખાછે;
રાઠોડની સમશેર ચાખીછે ન ચાખાછે. નેકી.

હાય મારી નારી માથે, આવી સુન્દરીછે વાંસે,
વેર લઉં જઈ પાસે, કરી એમ ક્યાં એ જાશે.
એણે તાબેદાર તણી નારી, જાણી ગમે તેમ ધાર્યું,
એણે દિલમાં એવું જાણ્યું, નથી કોઈ રોકનારૂં;
એને સમજાવું સાચો, નહીં તો ક્ષત્રિ બચો કાચો,
એકજ હણું તમાચો, પાડું તખતથી પાછો.
જાઉં દિલ્લીમાંય, સમશેર કરમાંય, મારે પરવા ન કાંય;
ક્રોધ હવે ન સેવાય, એજી દાઝ વળે જ્યારે;
આવું પ્યારી તારૂં વેર વાળી. નેકી.

અજબ બનીછે પ્યારા ગજબ બનીછે, સુણો નાથ;
મારી વાત, હયાહાર, નિરાધાર, લાય લાગી દિલમાંય.
નવરોજ માંહે ગઈ, સંગ સાહેલીને લઈ;
માથે એવી થઈ, વરણવું શું રે કહી, અકબર ફરે તહીં.
દીઠો એક ગલી મહીં, જોઈ હું હેરત થઈ,
બોલી ફિટકાર દઈ. અમ ઉપર ત્યાં હલ્લો કીધો;
મારી ધક્કો પાડી દીધો, કટારી દેખી એ બીધો;
કર જોડાવી કીધો સીધો, દિલ્લી છોડી આવી આહીં; અ.

થવુંછે હવે રવાના સ્વદેશ પ્રતિ, દિલ્લી રેવું નથી;
નીતિ એણે ફેરવી, થવુંછે હવે રવાના થવાના જવાના;
સ્વદેશ પ્રતિ, થવુંછે.
તાબેદાર એના છો, કપટ કર્યું તેહ માથે;
મુકી દો પરવા એની રતિ, થવુંછે.

લાજ્જુબી તમોએ ઘણી દિલ્હીમાં કરીછે,
તેવીજ કટારી તમે અહીં વાવરી છે; તાજ્જુબી.
હિંમત મરદની ગજબ બતાવી,
મારાથી સરસ લાલ સતી સુંદરી છે; તાજ્જુબી.
માથું રે ફેરવતાં જવાજ સ્વદેશે,
વાતતો તમારી હવે ખરેજ ખરીછે; તાજ્જુબી.
પણ વાત જણાવું એગમ બચાવી;
જોઇએ કદર કેવી એણે કરીછે. તાજ્જુબી.

ભાભી સાચી સાચી સાચી તું સહી, લાલતું પ્યારી મારીઉદાર. ટેક.
હા દૈવ તું અહીં, આવી, જાન તેં મારી બચાવી, કર કટારી ધારી;
તુજ પરવારી, રાણાની કુમારી, સૂર તારૂં હો અપાર. ભાભી.
ક્ષત્રિ ધર્મની પ્રતિપાળ, હામ તારી સાચી લાલ, કેતીતી તે હું ગાઉં;
કટારી ચલાઉં, દિલ્હીને ડુલાઉં, તેં કર્યું તે આ દાર. ભાભી.

પતિ મળવા આવી અહીં, શુણો શાહ કહું વાતંજ મારી;
ઝુઝી તમોથી હું નવરોજે, હવે નોધારી દિલ્હી રહું ન પતિ;
તન મન ધન મુજ પીયુ પૃથુરાઈ, નિરખ્યા શિકાર ખેલત આહીં.
ઉભી હું જોવા ખેલ તમારો, સિંહે ઝડપ માંચપર નાંખી કરત પોકાર.
નનદી દુઃખમાંહી કમરકટારી કાઢી હુંદોડી, પેટ ચીરી પાડ્યોજતહીં. ૫

મારી માગુંછુંરી જેહ થઇરી, કટાર લઇને ઉઠી તમ સામી.
મુખ જોવા મન થયું તમને; મારી.
એમ જો કરીએ પતિ હાજર વણ, ડાગતો લાગે અમને; મા.

આપનું પવિત્ર દિલ હતું તોય અમથી, મૂકાય ન શરમને; મા.
માટે ક્ષત્રિની રીતિ પ્રમાણે, થઇ અમર્યાદા અમને; મા.

મેહેરબાન કરોછો ઘણીજ મયા, આપ મોટો એહેશાન ગણીરે.
મેહેરબાન.
માફી કરોછો તમે મેહેરબાની, નજર નીચેઆની કરો દાની,
ખુશી ખુદાવિંદ આપ થયારે. મેહેરબાન.
સઘળા અરથ સ્વામિ એમણે લીધા, તે માટે પ્રીયા જગતગુરૂ
કીધા, દાના દિલ્લીપતિ સૌએ કહ્યારે. મેહેરબાન.
સંબંધ ક્ષત્રિનો આપની સાથે, રહો ઈચ્છું આબાદ સદા તે,
પળો વચન પૃથુ તમે જે કહ્યાંરે. મેહેરબાન.

જય અંતે થશે, જગમાં સત્ય જ્યાં હશે;
ધન્ય શૂરી લાલબા સતી.
ડરતો વિદેશ લાવીઓ પતિ,
વિપત માંય ડરી ન કાંય, શૂર દિલે વસે; જગ.
શાહ જેવાને સમજ દીધી,
સિંહને હણી માન મોજ લીધી,
પતિની પ્રીતિ શિયળ નીતિ, ધારી જે ધસે; જગ.
ભૂલ ચૂક દોષ લાગીએ,
ફરી પ્રણામ માફી માગીએ;
ફરી પધારો ગ્રસ્યો ન્યાળો, ખેલ બીજે રસે; જગ.

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલાં પુસ્તકો જેઓ સાહેબોને જોઇતાં હોય તેમણે ભાવનગર, જુનાગઢ, જામનગર, રાજકોટ, ગોંડલ વિગેરેના બુકસેલરો પાસેથી અથવા મોરબી આર્યસુબોધ નાટકમંડળીનો મુકામ હોય ત્યાં તેના મેનેજર પાસેથી યાને મોરબી તળપદમાં ગ્રંથકર્ત્તા પાસેથી રોકડી કીમત મોકલી મંગાવી લેવાં. જથાબંધ મંગાવનારની સાથે કમીશનની સમજુત પત્રદ્વારા કરવામાં આવશે.

	કીમ્મત. રૂ. આ. પા.
ભર્તૃહરી નાટક મોટું—આવૃતિ ૩ જી.	૧—૦—૦
સદર ગાયન.	૦—૨—૦
ચાંપરાજ નાટક મોટું.	૧—૦—૦
સદર ગાયન.	૦—૨—૦
રાજસિંહ નાટક મોટું.	૧—૦—૦
સદર ગાયન.	૦—૨—૦
ઉષાહરણ નાટકનાં ગાયન.	૦—૨—૦
કેદારસિંહ પરમારનાં નાટકનાં ગાયન.	૦—૨—૦
સીતાસ્વયંવર નાટકનાં ગાયન.	૦—૨—૦
પૃથુરાજ રાઠોડના નાટકનાં ગાયન.	૦—૨—૦
રાણક દેવડીના નાટકનાં ગાયન (હવે પછી)	

વાઘજી આશારામ ઓઝા.
ગ્રંથકર્ત્તા,